ક્રમાંકઃ-ઉગજ/૨૬૧૦/૧૪૪/ખ.૧
શિક્ષણ વિભાગ,
બ્લોક નં.૫,સાતમો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૩૧/૮/૨૦૧૦

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ,
પાટણ–૩૮૪ ૨૬૫
(આર.પી.એ.ડી દ્વારા)

વિષયઃ- વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર સંચાલિત બી.એડ.કોલેજ ફોર સ્પેશ્યલ એજ્યુકેશન (વિકલાંક વિદ્યાર્થી) કોલેજ,મુ.પાલનપુર,જિ.બનાસકાંઠા માટે સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી આપવા બાબત.

શ્રીમાન,

ઉક્ત વિષયના રજીસ્ટ્રારશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી,પાટણના તા.૧૯/૭/૨૦૧૦ના પત્ર ક્રમાંકઃ એકે/જોડાણ/૪૪૮૦/૨૦૧૦થી વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર સંચાલિત બી.એડ.કોલેજ ફોર સ્પેશ્યલ એજ્યુકેશન (વિકલાંગ વિદ્યાર્થી) કોલેજ (મુ.પાલનપુર, જિ.બનાસકાંઠા )ને **બેચલર ઈન એજ્યુકેશન (સ્પેશ્યલ એજ્યુકેશન )નો નવો અભ્યાસક્રમ શરૂ કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ જે અન્વયે શૈક્ષણિક વર્ષ જુન–૨૦૧૦–૨૦૧૧ થી કાયમી સ્વનિર્ભરતાના** ધોરણે શરૂ કરવા માટે નીચેની શરતોને આધીન સરકારશ્રીની મળેલ મંજૂરી અનુસાર સૈધ્ધાંતિક પૂર્વ મંજુરી આપવામાં આવે છે.

(૧) સંસ્થાએ રજુ કરેલ સોગંદનામામાં સંસ્થા ધ્વારા કબૂલાત કર્યા મુજબ કાયમી ધોરણે સંસ્થાને કોઇ ગ્રાન્ટ મળશે નહીં. હાલ તથા ભવિષ્યમાં સંસ્થાએ કોલેજ સંપૂર્ણપણે સ્વખર્ચે ચલાવવાની રહેશે, તથા સંસ્થા ધ્વારા ગ્રાન્ટ અંગે ભવિષ્યમાં પણ કોઇ માંગણી કરવામાં આવશે નહીં.
(૨) સંસ્થા/કોલેજે યુનિવર્સિટી તેમજ રાજય સરકાર વખતોવખત નકકી કરે તે નિયમો/શરતોનું યથાયોગ્ય પાલન કરવાનું રહેશે.
(૩) યુનિવર્સિટી તરફથી શરતોના પરિપાલનનો અહેવાલ મળ્યા બાદ જ જોડાણ આપવા અંગે વિચારણા કરવામાં આવશે. કોઇ શરતી જોડાણ મંજૂર કરવામાં આવશે નહીં.
(૪) આ અભ્યાસક્રમો અંગે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી/ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ના પરામર્શમાં ગુણવત્તાના ધોરણે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે યુનિવર્સીટી જે પધ્ધતિ નક્કી કરે તે મુજબ પ્રવેશ આપવાનો રહેશે.
(૫) સદરહુ અભ્યાસક્રમ શરૂ થયા બાદ કોઇ કારણસર બંધ થાય તો સ્ટાફની તથા અન્ય કોઇપણ નાણાંકીય જવાબદારી રાજય સરકાર ઉઠાવશે નહીં, પરંતુ તે અંગેની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની રહેશે.
(૬) આ અભ્યાસક્રમ અંગે કેન્દ્ર સરકાર/રાજય સરકાર કે અન્ય સંસ્થાઓની મંજુરી લેવાની જરૂર હોય તો તે તમામ મંજુરી સંસ્થાએ મેળવી લેવાની રહેશે.
(૭) સંસ્થાએ મુકેલ રૂ. ૬,૦૦,૦૦૦.૦૦(અંકે રૂપિયા છ લાખ પુરા) ની ફીકસ્ડ ડીપોઝીટ વખતોવખત પાકતી તારીખે વ્યાજ સહિત ફરીથી ૬(છ) વર્ષ માટે તે જ સ્વરૂપે તાજી(રીન્યુ) કરાવવાની રહેશે.

૨....

(૮) નિયત કરેલ લઘુત્તમ દિવસોનું શૈક્ષણિક કાર્ય પૂર્ણ થઈ શકશે કે કેમ? તેની ખાતરી કર્યા બાદ જે તે શૈક્ષણિક વર્ષ માટે વિદ્યાર્થીઓ ફાળવવાના રહેશે.

(૯) Rehabilitation Council of India,New Delhi ના પત્ર ક્રમાંક: 17-155/ B.Ed (H.1.)/09-RCI/6546, તા.૪/૫/૨૦૧૦ના પત્રથી બેચલર ઈન એજયુકેશન ( સ્પેશ્યલ એજયુકેશન ) શ્રવણમંદ (Hearing Impairment ) ના ૨૦ (વીસ) વિદ્યાર્થીઓ માટે એક વર્ષ માટે તેમજ Rehabilitation Council of India,New Delhi ના પત્ર ક્રમાંક: 17-155/ B.Ed (H.1.)/09-RCI/6534, તા.૪/૫/૨૦૧૦ના પત્રથી બેચલર ઈન એજયુકેશન ( સ્પેશ્યલ એજયુકેશન ) અંધ (Visual Impairment )ના ૨૦ વિદ્યાર્થીઓ માટે એક વર્ષ માટે ઉકત બન્ને પત્રો સાથેના Annexure 'A' માં સૂચવ્યા મુજબની શરતોને આધીન ઉકત મંજૂરી આપવામાં આવે છે.આ શરતોનું અચૂકપણે પાલન થાય તે યુનિવર્સિટીએ ચકાસવાનું રહેશે.

આપનો વિશ્વાસુ,

( એ.એચ.પટેલ)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

<u>નકલ રવાના</u>

૧. માન.મંત્રીશ્રી( શિક્ષણ ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન. રા.ક.મંત્રીશ્રી ( શિક્ષણ ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર સંચાલિત બી.એડ.કોલેજ ફોર સ્પેશ્યલ એજયુકેશન (વિકલાંગ વિદ્યાર્થી) કોલેજ ,મુ.પાલનપુર, જિ.બનાસકાંઠા
૪. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૫. સેકશન અધિકારી સીલેકટ ફાઈલ
૬. નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ
૭. શાખા સીલેકટ ફાઇલ